# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
www.jainjagruticentre.com
www.jainjagruticentre.org

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



### કૅબિનેટ કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| આઈ.પી.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| | શ્રી પ્રફુલ્લ એમ. શાહ |
| સેક્રેટરી જનરલ | : શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી કીર્તિ પી. સખપરા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી જયંતીલાલ કે. છાડવા |
| ખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

### જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી કિશોર એસ. શેઠ |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી પ્રવીણ જી. શાહ |
| શ્રી કમલેશ સી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| શ્રી શૈલેશ ડી. શાહ | શ્રી અનિલ જી. દોશી |
| શ્રી રાજેષ આર. ભણસાલી | શ્રી રમેશ એમ. સંઘવી |

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂ.૫/-** **વાર્ષિક લવાજમ રૂ.૪૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

આજે ૮ માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દીન. દરેક ન્યૂઝપેપરમાં પાનાં ભરીભરીને મહિલાઓના ગુણગાન ગાતી પૂર્તિઓ આવેલ છે. મહિલાઓ પર થતા અત્યાચારો, શોષણ, યાતનાભરી સ્થિતિ વિશે થોકબંધ ટિપ્પણો આવી છે ત્યારે મને થાય છે કે દુનિયા જે આજે માગી રહી છે તે આપણા જૈનોમાં હજારો વર્ષથી પ્રવર્તમાન છે. મહાવીરસ્વામીએ ૨૬૦૦ વર્ષ પહેલાં સ્ત્રીઓને કેટલાય વિશેષ હક આપી પુરુષસમોવડી બનાવી હતી. પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાને સ્ત્રીઓને આદ્યશક્તિ તરીકે ઓળખ આપેલી જ છે. જૈન સમાજે મહિલાઓને બહુ જ માન-મરતબો અને ઇજ્જત તેમ જ સ્નેહ-પ્રેમ આપેલાં છે. જૈનો તરફથી અવિરતપણે વહેતા દાન પાછળ માતુશ્રી કે ધર્મપત્નીનાં નામ મોટા ભાગે આપવામાં આવે છે અને આ દાનપ્રવાહ પાછળ પ્રેરણાસ્રોત તો આ સ્ત્રીઓ જ હોય છે. આપણા જૈન કુળમાં મહિલાઓને જે ઇજ્જત અપાય છે તેનાથી ખુશ થઈ લક્ષ્મીજીની આપણા પર મહેર છે તેવું સ્ટેટમેન્ટ વર્ષો પહેલાં illustrated weeklyમાં ખુશવંત સિંઘે લખેલું અને મેં વાંચેલું છે. સ્ત્રીઓના આધિપત્યની ફરી શરૂઆત થઈ ચૂકી છે. લાગે છે કે સમય કરવટ બદલી રહ્યો છે અને ફરી વાર આદ્યદાદીમા લોપામુદ્રાનો જમાનો આવી રહ્યો છે.

તા. ૨૭મી ફેબ્રુઆરીના રોજ અમે સેન્ટ્રલ બોર્ડમાંથી જેજેસી પરિવારના નવા આગંતુકનું ઉદ્‌ઘાટન કરવા સાડી પ્રિન્ટિંગ ઍન્ડ ડાઈઝ ક્ષેત્રે અવ્વલ સ્થાન ધરાવતા જેતપુર ગયેલા. બહુ જ વ્યવસ્થિત સેન્ટરની શરૂઆત થઈ. તે દિવસે અમારી ફ્લાઈટ રાજકોટ વહેલી પહોંચી જતા અમને પ. પૂ. ગુરુદેવ નમ્રમુનિનાં સત્સંગ, દર્શન અને આશીર્વાદનો લાભ મળ્યો. ૬૦૦૦ બાળકોની શિબિર ચાલી રહી હતી ત્યારે ગુરુદેવે અમને જેજેસીના એજ્યુકેશન પ્રોજેક્ટ વિશે બોલવા માટે, જેને અશક્ય કહી શકાય એવો અલભ્ય સમય ફાળવી માઈક આપ્યું. આ એવો સંકેત છે કે ગુરુદેવ પણ આપણા આ થીમ પ્રોજેક્ટથી ખુશ છે અને તેમના આપણા પર સનાતન આશીર્વાદ છે. અમે ધન્ય ધન્ય થઈ ગયા.

ગત મહિનામાં જેજેસી કાંદિવલીનો યુવામેળો, સૂર્યપુર - સુરતના યુવામેળા ઉપરાંત એક ઉદ્દામવાદી પ્રોજેક્ટ ગણી શકાય તેવો તારદેવનો ડાઈવોર્સી પરિચય મેળો હતો. દરેક જગ્યાએથી બહુ જ સરસ પ્રતિસાદ મળી રહ્યો છે ત્યારે મને થાય છે કે આપણે સાર્થક સમાજોપયોગી પ્રવૃત્તિ કરી રહ્યા છીએ.

ઉચ્ચ શિક્ષણસહાય કાર્યક્રમ આપણને સંતોષ થાય તે રીતે ચાલી રહ્યો છે, એટલું જ નહીં, બીજી જૈન સંસ્થા ઉપરાંત જૈનેતર સંસ્થાઓએ પણ આવા પ્રોજેક્ટ ચાલુ કરી આપણી જ પેટર્ન અપનાવી લઈને એક

Model Project તરીકે માન્યતા આપી દીધી છે તે માટે આપણે સૌ જેજેસિયનો ગર્વ લઈ શકીએ.

બાકી જીવન રોજબરોજ આકરું થતું જાય છે. ઊંચે ને ઊંચે જતા મોંઘવારીના ગ્રાફ પર આપણે બધા સામૂહિક રીતે ટીંગાઈ જઈએ તોપણ એ રેખા નીચે ઊતરવાનું નામ લેતી નથી. પીનેવાલે કો પીને કા બહાના ચાહીયે તેમ મોંઘવારીને ઉપર ચડવા માટે કોઈ ને કોઈ બહાનું મળી જ રહે છે. લો, હવે ગલ્ફના દેશોનું આંતરયુદ્ધનું બહાનું મળી ગયું. Crud Oilના ભાવ વધવાથી આપણા દેશમાં સામાન્ય માણસો હજી વધુ પીસાતા જશે. રોટી, કપડાં, મકાન ઉપરાંત હવે એજ્યુકેશન પણ પ્રાથમિક જરૂરિયાતની શ્રેણીમાં આવી ગયું છે.

જેમ એક સમૂહમાં ટોળામાં પાંચ-દશ ટકા જ લીડર હોય, ૧૦-૨૦ ટકા વ્યવસ્થામાં રોકાયેલા હોય અને બાકીના ૬૦% લોકો ફક્ત જીવતા જ હોય. તેમને સાચવવાની જવાબદારી પેલા પાંચ-દશ ટકા પર જ હોય આવો સનાતન નિયમ ઉપરવાળાએ જ ઘડયો છે. આપણા સમાજમાં પણ ૨૦% લોકો ખૂબ જ સક્ષમ છે. ૩૦% મધ્યમવર્ગીય છે જેઓ Just સુખી છે અને બાકીના ૫૦% લોકો અમુક રેખા નીચે જીવે છે. પેલા ૨૦% સક્ષમોની જવાબદારી બની જાય છે કે તેઓ આ બધાની પ્રાથમિક જરૂરિયાતોની સંભાળ લે. જિનજિનેશ્વરની કૃપાથી આપણા મૂળભૂત સંસ્કારોની અસરમાં એ લોકો ચોક્કસપણે સમાજના નીચેના સ્તરના લોકોની સંભાળ લે જ છે. જો આમ ન બને તો ન્યાય 'ઉપરવાળા'ના હાથમાં છે, એના માટે બે સેકન્ડ 'પૂરતી' છે.

એ તો આપણે હમણાં ફરી વાર અનુભવ્યું. માણસજાત ગમે તેટલું અભિમાન કરે, વિજ્ઞાનીઓ ગમે તેટલો નાઝ કરે, રાજકારણીઓ હુંકાર કરે, પણ કુદરતને આ સૃષ્ટિને હતી ન હતી કરતા ફક્ત ગણતરીની પળ જ લાગે. જાપાનમાં પ્રકૃતિએ પ્રલય આવશે ત્યારે કેવો હશે તેનો પ્રોમો દર્શાવી દીધો. આપણને જાપાનના લોકો પર સહાનુભૂતિ છે. દુનિયાભરમાં થતા પાપનું સાટુ કુદરતે એ લોકો પર વાળ્યું અને આપણને ચેતવણી આપી કે હજી સવેળા જાગી જાવ. કુદરતે સર્જેલા દરેક જીવને પોતાની રીતે જીવવાનો મૂળભૂત હક છે. તેમાં માનવજાતની કોઈ બળજબરી ન ચાલે. એટલે તો આપણા ધર્મે આપણને જીવદયાનો મંત્ર આપ્યો છે. જીવો અને જીવવા દો!

મોંઘવારીએ દાટ વાળી નાખ્યો છે તેનાં દેખીતાં કારણોમાં હવે કહેવાશે કે ગલ્ફ દેશોના આંતરયુદ્ધ પણ ભીતરની વાત એ છે કે પેટ્રોલિયમ પ્રોડક્ટ પર ૬૩% સરકારી ટૅક્સ છે (હમણાં જ આપણા પાર્લામેન્ટરિયોએ શોધી કાઢ્યું. તેઓ સત્તા પર હતા ત્યારે કાંઈ જ ખબર ન પડી!). ૬૩% ક્યાં જાય છે? તેમાંથી ૩૦% આપણા સરકારી નોકરોની સુખાકારીમાં વપરાય. બાકીના પ્રજાની સુવિધા વધારવા ડેવલપમેન્ટમાં વપરાય જેનો બધો ફાયદો આપણા સુધી પહોંચે નહીં. આપણા સેવાભાવી સેવકો, સરકારી અમલદારો અને વ્યાપારી-કૉન્ટ્રેક્ટરો કે ઉદ્યોગપતિઓ મિલીભગત કરી આપસમાં વહેંચી લે એટલે આપણા ભાગે આવે બાકીના ૧૦%! પછી મોંઘવારી બેન જવાનું શું કામ નામ લે! આપણે આનો જવાબ માગવા અને ગુનેગારોને નસિયત આપવા જેટલા નીડર નહીં બનીએ ત્યાં સુધી આ ભોગવવું જ પડશે. મનુઋષિની વ્યવસ્થા પ્રમાણે રાજાઓ બનતા અને રાજાશાહી ચાલતી. આ રાજાઓ જ્યારે સ્વાર્થી બની જુલમી બનવા લાગ્યા ત્યારે રાજાશાહી તિરસ્કૃત થઈ. સ્વતંત્રતા પછી શરૂઆતમાં પ્રધાનો સારા જ હતા. ખરા અર્થમાં પ્રજાસેવકો હતા, પણ ધીમે ધીમે વિકૃતિ આવતી ગઈ. હવે પ્રધાનો અણગમતા થઈ ગયા છે. પરધાનશાહી (પરનું ધાન ખાનારા) બદનામ થઈ ગઈ છે. તેમાં પાપનો ઘડો ભરાઈ ગયો છે કે નહીં તે ખબર નથી, પણ કુદરત ન્યાય કરશે જ. દેર હૈ અંધેર નહીં હૈ. કોઈ કહે છે કે આપણે સહન કરવાને ટેવાઈ ગયા છીએ, પણ એવું નથી. રોજબરોજની સમસ્યા, ઘર ચલાવવાની ચિંતા, ભવિષ્યની પેઢીની ચિંતા વગેરેમાંથી સમય જ મળતો નથી. તેથી થાક્યા વિના દોડયા જ જઈએ છીએ. ફરિયાદ કરવાનો કે તોખાર કરવાનો સમય જ નથી. તેથી સરકાર પણ એમ માની બેઠી છે કે All is Well, બધું બરાબર ચાલે છે. કોઈને કશી ફરિયાદ નથી. પણ દરેક વસ્તુની પરાકાષ્ઠા હોય જ છે. ખેડૂતો સંજોગોથી ઘેરાઈને આત્મહત્યા કરતા થઈ ગયા. તેવી જ રીતે હવે મધ્યમ વર્ગના માણસો પણ એ માર્ગે ન જાય તે વિચારવાનું છે. રાજકારણીઓને ચેતવીએ છીએ કે બસ હવે પાણી માથી ઉપરથી જવા માંડ્યું છે, સાવધાન!

હાલમાં તો હું મારી વ્યથા વાગોળું છું. મારા ઘરથી મારી ફૅક્ટરીએ જો ચાલતો જાઉં તો ૩૦/૩૫ મિનિટમાં પહોંચી જાઉં તેટલી દૂર છે, પણ કાર લઈને નીકળું છું ને દરરોજ જવાના દોઢ કલાક અને આવવાના દોઢ કલાક થાય છે. બધા રોડ ખોદાઈ ગયા છે. ખોદનારા અને રિપૅર કરનારા, એક જાય અને બીજા આવે છે. બહુ વિચારું તો Depressionમાં સરી પડું જે પોષાય તેમ નથી, કારણકે હાયર એજ્યુકેશન અભિયાનનો નવો દોર ચાલુ થઈ રહ્યો છે. તેમાં ઘણી જવાબદારી છે, પણ હું મૂંઝાતો નથી, કારણ 'આપ સબ હૈ ન!' તો ચાલુ કરીએ અભિયાન દશ – નવ – આઠ – સાત – Count Down શરૂ...

*લિ. જિતેન્દ્ર કોઠારી*
*ચૅરમૅન: જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

તંત્રીસ્થાનેથી...

# સાધુની ઓળખ...

ભૃતહરિએ 'નીતિશતક' નામના ગ્રંથમાં સાધુત્વનો મહિમા ગાતાં જણાવ્યું છે કે-

धैर्यं यस्य पिता क्षमा च जननी शांति श्चिरंगेहिनी
सत्यं सूजुरयं दया च भगिनी भ्राता मनःसंयमः।
शय्या भूमितलं दिशोडपिवसनं ज्ञानामृतं भोजन
मेते यस्य कुटुम्बिनों वद सखे कस्मादमयं योगिनः।।

અર્થાત્ ધૈર્ય જેનો પિતા છે, ક્ષમા જેની માતા છે, શાંતિ જેની પત્ની છે, સત્ય જેનો પુત્ર છે, દયા જેની ભગિની છે, મનઃસંયમ જેનો બંધુ છે, સકળ પૃથ્વી જેની શય્યા છે, દિશા જેનું વસ્ત્ર છે, જ્ઞાનામૃત જેનું ભોજન છે એવા યોગીઓને ભય ક્યાંથી હોય?

વર્તમાન સમયમાં ઉપરોક્ત મનનીય શ્લોક માત્ર જૈન શ્રમણોને જ નહિ, ભારતના સમગ્ર સાધુસમાજને સ્પર્શે છે. આ શ્લોકને નજર સમક્ષ રાખીને આજનો તંત્રીલેખ લખતા અમને ખરેખર આનંદ થાય છે. અમારા લખાણનો મર્મ આપ સૌને સમજાશે તો અમારો આ પ્રયાસ અવશ્ય સાર્થક ગણાશે.

આપણા શ્રમણ સમુદાયમાં શિષ્યોનો મોહ, સેવકોનો મોહ, સંપ્રદાયનો મોહ, પુસ્તકોનો મોહ, પ્રવચનોનો મોહ જ્યાં સુધી ટળી શકે નહિ ત્યાં સુધી સાચા સાધુ હોવાનો દાવો નિરર્થક ઠરે છે. જે સાધુઓએ બાહ્ય એકએક સંગનો પરિત્યાગ કર્યો છે, પૂર્ણ અપ્રતિબંધી જેઓ થયા છે તેને જ ભતૃહરિનો ઉપરનો શ્લોક સ્પર્શે છે.

ધૈર્યથી જ ખરું સાધુત્વ પ્રગટ થાય છે. તેથી ધૈર્યને સાધુના પિતા તરીકે ઓળખાવવામાં આવ્યું છે. ધૈર્યથી જ માનસિક વૃત્તિની ચંચળતા ટળે છે. જેનામાં ધૈર્ય છે તેઓને કોઈ પણ બાહ્ય વસ્તુ અસર કરી શકતી નથી. ગમે તેવી આપત્તિ તેઓને અસર કરી શકતી નથી.

ક્ષમાને સાધુની માતા તરીકે ઓળખાવવામાં આવી છે. ધૈર્યવાન હોય તે જ ક્ષમા આપી શકે. ક્ષમા લેવી કે માગવી તે ઉત્તમ પ્રકાર નથી, પરંતુ ક્ષમા આપવી એ જ ઉત્તમોત્તમ પ્રકાર છે. ક્ષમા એ સાધુત્વનું રક્ષણ અને પોષણ કરનારી વિરલ શક્તિ છે.

શાંતિને સાધુની પત્ની તરીકે ઓળખાવવામાં આવી છે. જ્યાં ધૈર્ય અને ક્ષમા હોય ત્યાં જ શાંતિનો વાસ હોય છે. સતત શાંતિમય જીવન જેનું હોય તે જ પરમસુખી ગણાય છે. એથી જ સદા શાંતિમય જીવન વ્યતીત કરતા સાધુઓને પોતાનો સમય ક્યાં વ્યતીત થાય છે તેની ખબર પણ પડતી નથી.

સત્યને સાધુના પુત્ર તરીકે ઓળખાવવામાં આવ્યું છે. ખરેખર તો શાંતિમાંથી જ સત્યનો ઉદ્ભવ થાય છે. જ્યાં જ્યાં અશાંતિ છે ત્યાં ત્યાં સત્ય ટકી શકતું નથી. એટલે જ સત્યને જાળવનારી મહાશક્તિ શાંતિ જ છે.

દયાને સાધુની ભગિની તરીકે ઓળખાવવામાં આવી છે. જેનામાં ધૈર્ય હોય, ક્ષમા હોય, શાંતિ હોય, સત્ય હોય ત્યાં જ દયા હોઈ શકે. બાહ્ય દયા તો ઘણાઓમાં આપણે જોઈએ છીએ, પરંતુ મહાન ઘોર કર્મના કરનારા પાપી હિંસક જીવો પ્રત્યે પણ દયા દાખવવી અને તેઓના ભલા માટે ભાવના ભાવવી એ જ ખરું સાધુત્વ છે. બહેન ભાઈ પાસે પોતાના ગમતા કામ કરાવી શકે છે. ભાઈ પણ હોંશે હોંશે બહેને બતાવેલ કાર્ય કરી આપે છે. તેવી રીતે દયારૂપી બહેન સાધુ પાસે અનેક જીવોના હિતનાં કાર્યો કરાવી શકે છે.

મનઃસંયમને સાધુના બંધુ તરીકે ઓળખાવવામાં આવ્યું છે. ભાઈને જમણી ભૂજા અને સુખ-દુઃખનો ભાગીદાર માનવામાં આવ્યો છે. તેથી મનઃસંયમ એ સાધુઓનો ભાઈ છે. મનઃસંયમ સાધુઓને સાચવનારો છે. જો તેનું અસ્તિત્વ ન હોય તો સાધુઓનું અસ્તિત્વ ટકવું મુશ્કેલ છે. એથી જ મનઃસંયમરૂપી બંધુ સાધુઓ માટે અતિઉપકારક છે.

સકલ પૃથ્વી સાધુની શય્યા તરીકે ઓળખાવીને આ શ્લોકે સાધુત્વનો જય જયકાર કર્યો છે. ખરા સાધુઓને મહેલનો પણ મોહ હોતો નથી અને ઝૂંપડીનો પણ મોહ હોતો નથી, કારણકે સકલ પૃથ્વી જ તેમની શય્યા છે તેથી આવા નિઃસ્પૃહી સાધુઓ જ પૃથ્વીને શય્યા બનાવી પોતાનું સાધુત્વ ઉજાળી શકે છે.

સાધુઓને માટે દિશાઓ જ તેમનાં વસ્ત્રો ગણાય. શરીરને શોભાવવા કે શરીરનું રક્ષણ કરવા જે વસ્ત્ર પરિધાનની આવશ્યકતા સંસારીઓ અને ત્યાગની ચરમ સીમા સુધી નહિ પહોંચેલા સાધુઓએ સ્વીકારી છે, તેની અપેક્ષા સાચા સાધુઓને નથી, કારણકે સર્વ સંગનો ત્યાગ કરી જેઓ નિર્જન એકાંતમાં પોતાની સાધના કરી રહ્યા છે તેવા સાધુઓને વસ્ત્ર હોય તોય ઠીક અને ન હોય તોય ઠીક. જેઓ સાધુત્વની ઉચ્ચ કોટિએ પહોંચી ગયા છે, જેમની દશા પરમહંસ સ્વરૂપ બની ગઈ છે, સ્ત્રી-પુરુષનો જેમનામાં જરા પણ ભેદભાવ રહ્યો નથી, એવા સમર્થ સાધુઓ માટે દિશા એ જ વસ્ત્ર છે એમ કહેવું સર્વથા ઉચિત છે.

ભોજન એ જિહ્વાઈન્દ્રિયના સ્વાદ માટે અને શરીરની

પુષ્ટિ માટે છે એમ માનનારાઓ એક ઘડી પણ ભૂખ્યા રહી શકતા નથી. તેમ જ ઈન્દ્રિયોને તૃપ્ત કરવા ષટ્રસ ભોજનની અપેક્ષા રાખનારા હોય છે, પણ જેઓ ''स्वयेहेऽपि निस्पृह'' જ છે તેઓ ખાવાની અપેક્ષા રાખતા નથી. શરીરને ભાડું દેવારૂપે અમુક વખતે નછૂટકે જે કંઈ અનાયાસે મળી જાય તેને આરોગી પોતપોતાનાં જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહે છે. ઘણી વાર આત્મસ્વરૂપના ચિંતવનમાં અને જ્ઞાનની મસ્તીમાં દિવસોના દિવસો ચાલ્યા જાય તોપણ તેમને બાહ્ય ખોરાક યાદ આવતો નથી. તેથી જ સાધુઓનું ખરું ભોજન જ્ઞાનામૃત કહ્યું છે તે યથાર્થ છે.

આમ ધૈર્ય જેમનો પિતા છે, ક્ષમા જેમની માતા છે, શાંતિ જેમની પત્ની છે, સત્ય જેમનો પુત્ર છે, દયા જેમની ભગિની છે, મન:સંયમ જેમનો ભાઈ છે, સકળ પૃથ્વી જેમની શય્યા છે, દિશા જેમનાં વસ્ત્રો છે અને જ્ઞાનામૃત જેમનું ભોજન છે એવા સાધુઓને ભય ક્યાંથી હોય, મતલબ કે સદા બાહ્ય અને અંતરભયથી વિમુખી આ સાધુઓનું જીવન છે એવા સાધુ જ સાચા સાધુ છે. એવા સાધુ જ તેમના આશ્રિતોને નિર્ભય બનાવનારા અને જીવનનો સાચો રાહ બતાવનારા છે. આવા સાધુ જ્યાં જ્યાં હોય ત્યાં પરમ મંગલ જ પ્રવર્તે તેમાં અમને લેશ માત્ર શંકા નથી.

---

# બરબાદી વીથ 'સ્ટેટસ'...

થોડા દિવસો પહેલાં અચાનક એક મિત્ર એક ફૉરેન કંપનીના Reception Longeમાં મળી ગયો. ૩૫ વર્ષે મળેલો. અતિઆગ્રહ કરી પોશ એરિયામાં આવેલા તેના ૪૦૦૦ ફૂટના ફ્લેટમાં લઈ ગયો. રસ્તામાં જાણવા મળ્યું કે તે ખૂબ જ સુખી છે. ઘણીબધી સંસ્થાઓ સાથે સંકળાયેલો છે. ફ્લૅટ ખૂબ જ હોંશથી બતાવ્યો. Interior જબરદસ્ત આકર્ષક હતું. ડ્રોઈંગરૂમના છૂપા લાગતા દરવાજામાંથી તે લઈ ગયો એક પોશ રૂમમાં. જોઈને આશ્ચર્યચકિત થઈ જવાય તેવી સજાવટ હતી. એક કબાટમાં રંગબેરંગી દારૂની Imported બાટલીઓ ગોઠવેલી! એક ખૂણામાં બે-ત્રણ હુક્કા હતા. અભિમાનપૂર્વક કહ્યું આ પ્રાઈવેટ બારમાં મેં ૧૨ લાખ ખર્ચ્યા છે!!!

આ આપણા માટે બહુ જ સૂચક છે. અચાનક આવેલો પૈસો શું ખેલો કરશે? વિચારવાનું આપણે છે. આપણા સંસ્કારો આપણું રક્ષણ કરશે?

ભાવેશને વાત કરી અને એક ચીમકી લેખ લખવા પ્રેર્યો. તો વાંચો વ્યથિત હૃદયે...

આજકાલ મદિરાપાન-કોકટેલ પાર્ટી, બેચલર પાર્ટી વગેરે એક 'Status'ની બાબત ગણાવા લાગી છે. વર્ષો પહેલાં આપણા વડીલો કહેતા કે દારૂ-જુગાર આ બધું હલકા વરણના લોકોનું વ્યસન ગણાય, તેમની બરબાદીનું એ જ મુખ્ય કારણ ગણાતું હતું. આજે એક બાજુ આપણે ઉચ્ચ કુળમાં જન્મ લીધાનું ગર્વ રાખીએ અને બીજી બાજુ કહેવાતી હાઈ સોસાયટીમાં-સર્કલમાં રહેવા માટે 'ડ્રિન્ક્સ્' (હા, ડ્રિન્ક્સ કહેવાથી તેના ગુણધર્મો જ બદલાઈ જાય તેવું ઘણા લોકો માનવા-મનાવવા લાગ્યા છે.) લેવા માંડીએ!!!

હમણાં એક મિત્રે વાત કરી કે તેઓ ૩૧ ડિસેમ્બરની રાત્રે એક ફ્રેન્ડ (?)ના ટેરેસ ફ્લૅટમાં ફૅમિલી-બાળકો સાથે ઉજવણી કરતાં હતાં. 'કપલો' વચ્ચે ડ્રિન્ક્સ પાર્ટી અને બીજા રૂમમાં બાળકોને ગૅમ્સ!! બધું જ લિમિટ (કન્ટ્રોલ)માં!!! ભલા માણસ, તારી જાત પર તારો કન્ટ્રોલ હોય તો તું આ વસ્તુ છોડી કેમ નથી શકતો?? બીજા એક મિત્રને સવાલ કર્યો કે તારી સામે તારાં સંતાનો ડ્રિન્ક્સ લે તો તને ગમે?? તેણે નકારમાં ડોકું ધુણાવ્યું, ચહેરો થોડો છોભીલો પડી ગયો, છતાં સત્યનો સ્વીકાર કરવા બદલ ધન્યવાદ! જે વસ્તુને તમે ખરાબ સમજો છો, પણ મજબૂર છો, છોડી શકતા નથી, ફક્ત કન્ટ્રોલ-લિમિટ અને ઊંચી ક્વોલિટીના બહાના તળે બરબાદી ગળે લગાડી રહ્યા છો!

જૈન સમાજ પર લક્ષ્મીદેવીની અસીમ કૃપા વરસી રહી હોય, મહાન સાધુ-સંતોનું માર્ગદર્શન મળતું હોય, કંદમૂળ ખાવામાં પણ 'પાપ' મનાતું હોય, સાધુ-સંતો 'વહોરવા' આવતા હોય, નિત્ય સેવા-પૂજા થતી હોય ત્યાં આ દૂષણ કઈ રીતે પોતાનો ફેલાવો આટલો વધારી શક્યું તેનો જવાબ શોધવો જોઈએ. સારા ઘરની સંસ્કારી કન્યાને ઘરમાં 'વહુ' તરીકે લાવ્યાં બાદ તેને 'મજબૂરીવશ' પોતાના પતિની આદત નિભાવવી પડે છે. વિધિની વક્રતા જુઓ કે સાવ ગરીબ, અભણ, આદિવાસી મહિલાઓ દારૂના દૈત્ય સામે 'જાગૃત' થઈ લડે છે અને આપણે કહેવાતા જાગૃત લોકો આ દૈત્યને ગળે લગાડી રહ્યા છીએ!!! શું શાંતિપ્રિય-ધાર્મિક જૈન સમાજમાં આ 'દૂષણ' દૂર કરવાની જવાબદારી આપણી નથી?? અંતરાત્માને ઢંઢોળજો, માર્ગ આપમેળે મળતો જશે. અસ્તુ!

■ **ભાવેશ શાહ**

કમિટી મેમ્બર 'ગોલ્ડન ગારોડિયા'-ઘાટકોપર

# વિવિધ સેન્ટર્સ દ્વારા નાટ્યગૃહોમાં યોજાયેલ પારિવારિક કાર્યક્રમો

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● અમૃતનગર | : | ૧૪-૦૨-૧૧ | ગીત-સંગીત : 'ભાનુ વોરા દ્વારા હિંદી-ગુજરાતી ગીતો' | ★ |
| | | ૨૦-૦૨-૧૧ | મૂવી : 'પતિયાલા હાઉસ' | ✉ |
| ● બીચ સાઇડ | : | ૦૯-૦૨-૧૧ | નાટક : 'આંખોની પેલે પાર' | ★ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૨૩-૦૨-૧૧ | પ્રહસન : 'ભગવાનની મહેર તો લુખ્ખાને લહેર' | ★ |
| ● ચેમ્બુર | : | ૨૧-૦૨-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| ● ડાઉન ટાઉન | : | ૧૩-૦૨-૧૧ | ઉજવણી : 'વેલેન્ટાઇન ડે નિમિત્તે ગૅમ તથા મ્યુઝિક મસ્તી' | ★ |
| ● દાદર | : | ૨૧-૦૨-૧૧ | પ્રહસન : 'ફેરા ફરીને ફસાયા' | ✉ |
| ● દહિસર | : | ૦૬-૦૨-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| | | ૨૮-૦૨-૧૧ | પ્રહસન : 'લો ગુજુભાઇ ઘોડે ચડ્યા' | ✉ |
| ● ગોલ્ડન ગારોડિયા | : | ૧૮-૦૨-૧૧ | નાટક : 'આંખોની પેલે પાર' | ✉ |
| ● જેમ્ જગડુશા | : | ૦૪-૦૨-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |
| ● જૂહુ બીચ | : | ૦૭-૦૨-૧૧ | નાટક : 'ખેલ ખતરનાક' | ✉ |
| | | ૧૦-૦૨-૧૧ | નાટક : 'આંખોની પેલે પાર' | ★ |
| ● જુહુ | : | ૦૪-૦૨-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | — |
| | | ૦૬-૦૨-૧૧ | મૂવી : 'દિલ તો બચ્ચા હૈ જી' | — |
| ● કાંદિવલી | : | ૦૮-૦૨-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ★ |
| ● લે. વિં. મુંબઇ (સેન્ટ્રલ) | : | ૨૨-૦૨-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |
| ● માલાડ | : | ૧૫-૦૨-૧૧ | પ્રહસન : 'બાબલાભાઇ કે બેબલીબેન' (ચાર્ટર ડે) | ★ |
| ● મુલુંડ | : | ૦૫-૦૨-૧૧ | નાટક : 'તમને મળીને આનંદ થયો' (ચાર્ટર ડે) | ★ |
| ● મુંબઇ | : | ૨૩-૦૨-૧૧ | નાટક : 'બદલાતા ચહેરા' | ✉ |
| ● નોર્થ ઇસ્ટ | : | ૦૮-૦૨-૧૧ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ✉ |
| | | ૧૭-૦૨-૧૧ | પ્રહસન : 'બાબલાભાઇ કે બેબલીબેન' | ✉ |
| ● નવી મુંબઇ | : | ૦૬-૦૨-૧૧ | ઑરકેસ્ટ્રા : '૧૩મા ચાર્ટર ડે નિમિત્તે ઉજવણી' | ★ |
| | | ૦૯-૦૨-૧૧ | સંગીત જલસો : 'સ્વર્ણિમ ગુજરાતનો નમોગુર્જરી નમોસ્તુતે' | ✉ |
| ● રાજાવાડી | : | ૦૧-૦૨-૧૦ | નાટક : 'ઝીરો બની ગયો હીરો' | ★ |
| | | ૧૩-૦૨-૧૧ | ગઝલ : 'પંકજ ઉધાસ' | ✉ |
| | | ૨૬-૦૨-૧૧ | નાટક : 'આંખોની પેલે પાર' | ✉ |

- સાયન-માટુંગા : ૧૩-૦૨-૧૧ સંગીત સફર : 'વૅલેન્ટાઇન થીમ પર આધારિત કાર્યક્રમ' ★
- શિવાજી પાર્ક : ૨૫-૦૨-૧૧ નાટક : 'ઝીરો બની ગયો હીરો' ✉
- સી સાઇડ : ૦૫-૦૨-૧૧ થ્રીલર ડ્રામા : 'ખેલ ખતરનાક' ★
- તારદેવ : ૦૫-૦૨-૧૧ પ્રહસન : 'બબલા ભાઈ કે બબલીબેન' ✉
- વિલે પાર્લે : ૧૩-૦૨-૧૧ નાટક : 'બદલાતા ચહેરા' ★

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## આગામી યાત્રા પ્રવાસ (આયોજન)

| જે.જે.સી. | દિનાંક | સ્થળ | ચાર્જિસ |
|---|---|---|---|
| ★ મલાડ | ૨૫-૫-૨૦૧૧ થી ૧૭ દિવસ | જૈન તીર્થદર્શન સહ ચારધામ યમનોત્રી, ગંગોત્રી, બદરિનાથ, કેદારનાથ, હરિદ્વાર વગેરે | રૂા. ૨૮,૫૦૦/- |
| ★ કાંદિવલી | ૨૫-૫-૨૦૧૧ થી ૧૮-૬-૨૦૧૧ (૨૪ દિવસ) ક્રૂઝ પ્રવાસ સાથે | અમેરિકા પ્રવાસ | રૂા. ૨,૫૨,૦૦૦/- |
| ★ વિલેપાર્લે | તા. ૨૦-૩-૨૦૧૧ થી ૨૭-૩-૨૦૧૧ | બૅંગકૉક | રૂા. ૩૨,૯૯૯/- |

## પિકનિક-યાત્રા-પ્રવાસ

### જે.જે.સી.-કાંદિવલી

તા. ૬-૨-૨૦૧૧ ને રવિવારે સેન્ટર દ્વારા સભ્યોના ધર્માર્થે શાહપુર-ધર્મક્ષેત્રની યાત્રાનું આયોજન કરવામાં આવ્યું.

### જે.જે.સી.-પુણે મેઈન

રવિવાર, તા. ૬-૨-૨૦૧૧ના રોજ પંચગીની ખાતે સમર પ્લાઝા હોટેલમાં એકદિવસીય પિકનિકનું આયોજન કર્યું.

### જે.જે.સી.-રાજાવાડી

સેન્ટરના સભ્યો સાથે રવિવાર, તા. ૬-૨-૨૦૧૧ના રોજ રોયલ ગાર્ડન રિસોર્ટ ખાતે એકદિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું. એ જ રીતે રવિવાર, તા. ૨૭-૨-૨૦૧૧ના રોજ ગ્રેટ એસ્કેપ રિસોર્ટ ખાતે એકદિવસીય પિકનિકનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સભ્યોએ ભરપૂર મોજ માણી અને અખૂટ આનંદનો લહાવો લીધો.

### જે.જે.સી.-કોલકાતા

૬૦ વર્ષથી મોટી ઉંમરના સાધર્મિક વડીલોને ભારતભરમાં પથરાયેલાં જુદાં જુદાં પવિત્ર જૈન તીર્થોની યાત્રા કરાવી આધુનિક 'શ્રવણ'નું બિરુદ પ્રાપ્ત કરનાર કોલકાતા સેન્ટરે છેલ્લાં આઠ વર્ષથી આ સરાહનીય-અનુકરણીય કાર્યને 'વડીલવંદના'નું નામ આપી કાર્ય પ્રોજેક્ટ તરીકે અંકે કર્યો છે. જેજેસી પરિવાર તે માટે ગૌરવ અનુભવે છે, કારણ આજે સંતાનો પાસે વડીલોને યાત્રા કરાવવાનો સમય નથી ત્યારે આ સેન્ટરની કારોબારીએ આ કાર્ય ચૅલેન્જ તરીકે ઉપાડી લીધું છે. જૈફ ઉંમરના વડીલોને સાચવવાનું કાર્ય ઘણું કઠિન છે. છતાં એકાદ-બે વર્ષ કદાચ કોઈ 'આરંભે શૂરા' બની આવું કાર્ય કરી શકે, પણ આ તો છેલ્લાં આઠ વર્ષથી દરેક વર્ષ આ આયોજન સુપેરે પાર પાડે છે. સેન્ટ્રલ બોર્ડ ખરેખર ખૂબ જ હર્ષથી અભિવાદન કરે છે. આ વડીલવંદનાની રૂપરેખા ગત અંકમાં સમાવી લેવામાં આવી છે.

## સમાજસેવાલક્ષી કાર્યક્રમ

### જે.જે.સી.-અંકલેશ્વર

રવિવાર, તા. ૬-૨-૨૦૧૧ના રોજ ઝઘડિયા તાલુકાના તલોદરા મુકામે રોટરી ક્લબ સાથેના સહયોગમાં સર્વ રોગ નિદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું, જેનો લગભગ ૮૬૦ જેટલા દર્દીઓએ લાભ લીધો.

# જેજેસીની આજકાલ

**જે.જે.સી. - તારદેવ** : લગ્નોત્સુક યુવક-યુવતીના પરિચયમેળાનું સફળ આયોજન કરવું એ જેજેસીનો એક થીમ પ્રોજેક્ટ થઈ ગયો છે જેને સમાજ તરફથી ખૂબ જ આવકાર મળ્યો છે. આવા યુવામેળામાં જેજેસી-તારદેવે નવી ભાત પાડી છે. આજથી ૫૦/૬૦ વર્ષ પહેલાં છૂટાછેડા (Divorce)નું નામનિશાન આપણા સમાજમાં ન હતું. જો અનુકૂળતાવાળું પાત્ર ન મળ્યું હોય તોપણ 'પડ્યું પાનું નિભાવી લેવાનું' શાણપણ સમાજમાં સંસ્કાર કહેવાતું. તેના ઘણાબધા પ્લસ-માઈનસ પૉઈન્ટ હતા. બન્ને સાઈડ ઘણી દલીલો છે. તેનાથી વ્યક્તિઓ કે દંપતીને સહન કરવાનું હતું, પણ સમાજ માંદો નહોતો પડ્યો. પશ્ચિમી સંસ્કૃતિના આપણી સંસ્કૃતિ પર બહુ જ હલ્લા આવ્યા ત્યારે અનેક દૂષણો સાથે અસહિષ્ણુતાના પરિણામે અને કાયદાથી મળેલી સ્વતંત્રતાથી પ્રેરાઈ આપણે ન ધારીયે તેટલા પ્રમાણમાં છૂટાછેડાનું દૂષણ વ્યાપી ગયું છે. એક રીતે જોઈએ તો બીજાં અનિચ્છનીય આત્મઘાતી પગલાંની અનેપક્ષાની સાપેક્ષમાં આ દૂષણ હોય તો તે પણ આશ્વાસનરૂપ છે. તાજેતરમાં થયેલા કેટલાય આત્મઘાતી બનાવો ચર્ચાની એરણ પર છે.

આવા સંજોગોવસાત્ નિર્દોષ છૂટાછેડા પામેલ યુવા વર્ગ માટે સમાજનો છોછ હવે ધીમેધીમે નાબૂદ થતો જાય છે, પણ તેમને ફરી વાર સાંપ્રત પ્રવાહમાં લાવી નવજીવન બક્ષવાનું કાર્ય કોણ કરે? હા, તેનો જવાબ આપ્યો જૈન જાગૃતિ સેન્ટરે. જેજેસી-તારદેવના પ્રગતિવાદી પ્રમુખ શ્રી રસિકભાઈ કોઠારી તથા તેમની ટીમના સાથીદારો દ્વારા સમસ્યાને હળવી બનાવવાના પ્રયત્નરૂપે ''તૃતીય ડાઈવૉર્સી તથા વયસ્કો (અપરિણીત) પરિચય સંમેલન'નું આયોજન તા. ૨૭-૨-૨૦૧૧, રવિવારના રોજ સ્ટેટ્સ હોટેલ, નરિમાન પૉઈન્ટ મધ્યે કરવામાં આવ્યું.

જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટની પ્રેરણાથી થયેલા આયોજનના મુખ્ય દાતા શ્રી દીપકભાઈ એ. સોલંકી તથા સહયોગી દાતા શ્રી મિલનભાઈ ડી. દોશી હતા. સમારંભના પ્રમુખ તરીકે ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી તથા ઉદ્ઘાટક તરીકે ટ્રસ્ટના ચૅરમૅન શ્રી કિશોરભાઈ શાહ હતા. અન્ય મહેમાનોમાં સર્વશ્રી રમેશ મોરબિયા, સંજય શાહ, પ્રફુલ્લ કામદાર, કિરણ શાહ, કિશોર શેઠ, સી. આર. શાહ તથા અન્ય પદાધિકારીઓ હતા. મંચ પરથી યુવા વર્ગને શીખ આપતાં શ્રી કિશોર શાહે જણાવ્યું કે લગ્નજીવનમાં અરસપરસ વિવેકપૂર્ણ સહિષ્ણુતા, ધીરજ, કુનેહ અને વ્યવહારકુશળતા અગ્રક્રમે છે. એકબીજાને સમજીને જો ડગ માંડીએ તો ઊંચાઈ-વર્ણ(રંગ), બાહ્ય દેખાવ, સ્ટાઈલ વગેરે ગૌણ બની જાય છે અને જીવન નંદનવન બની જાય છે. રમૂજી શૈલીમાં તેમણે જણાવ્યું કે મારા ૫૦ વર્ષના લગ્નજીવનની સફળતા મારી પત્ની શારદાની સહિષ્ણુતાને આભારી છે. તમારા માટે પણ એક અનુભવ બસ છે. હવે આંતરિક સૌંદર્ય પર ભાર મૂકજો અને સહયાત્રીની પસંદગી કરજો.

આ યુવામેળામાં જેઓ કોઈ કારણસર અપરિણીત રહી ગયા તેવા વયસ્કો (૩૦ વર્ષ ઉપરની ઉંમરવાળા)નો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. બધાં જ યુવક-યુવતી – Well Educated, Well Settled તથા Matured Enough – નિર્દોષ છે. બધા તેમના જીવનનો બીજો અંક બાઅદબ શરૂ કરી શકે તેવા આશીર્વાદ શ્રી જિતુભાઈએ આપ્યા અને આવા સુધારાદર્શી પ્રયોગાત્મક પ્રોજેક્ટ કરવા બદલ જેજેસી-તારદેવની સમગ્ર ટીમને ધન્યવાદ પાઠવ્યા. આ જોઈને હવે બીજાં જેજેસી-સેન્ટરો ઉપરાંત અન્ય સંસ્થાઓ પણ આવા ઉદ્દામ પ્રોજેક્ટ કરવા પ્રેરાશે તેવો વિશ્વાસ તેમણે દાખવ્યો.

## યથોચિત સન્માન

જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત એક ભવ્ય કાર્યક્રમમાં જેજેસીના ઉચ્ચ શિક્ષણ સહાયના Pillerરૂપ દાતાઓ જેઓએ માતબર ડોનેશન આપી આ અભિયાનને ઉજાગર કરેલ છે તેવી વ્યક્તિવિશેષ ઉપરાંત જેજેસીનાં વિવિધ સેન્ટર્સ જેઓએ પણ સખત પ્રયત્નો કરી માતબર ડોનેશન એકઠું કરેલ છે તેઓનું બહુમાન કરતાં ભવ્ય કાર્યક્રમનું આયોજન ઉપરાંત જેજેસી-સેન્ટ્રલ બોર્ડમાં ચાર વર્ષ અને ચૅરિટેબલ ટ્રસ્ટમાં બે વર્ષ ચૅરમૅનપદે રહી સેવા આપનાર પૂર્વ ચૅરમૅન શ્રી કિરણ શાહનું સન્માન કરતો ભવ્ય કાર્યક્રમ શુક્રવાર, તા. ૧૧-૩-૨૦૧૧ના રોજ ચેમ્બુર ખાતે IVY Banqut Hallમાં રાખવામાં આવ્યો.

આ પ્રસંગે કહનરાજ સર્વોદય ટ્રસ્ટ, શ્રી ધર્મેશ એસ. જૈન, સુભાષ રુણવાલ એજ્યુકેશન ફાઉન્ડેશન, શ્રી કિશોર એન. શાહ, શ્રી પ્રવીણ જી. શાહ, વસંત આત્મા ચૅરિટેબલ ટ્રસ્ટ, શ્રી નિરંજનભાઈ વસાણી, શ્રી નીતિન એમ. સંઘવી, શ્રીમતી મંજુલાબહેન જે. મોરબિયા, શ્રી સ્નેહલ ઍન્ડ ચિરાગ મહેતા, શ્રીમતી સરલાબહેન સુરેશભાઈ અજમેરા, શ્રી નયન

એ. ભેદા અને વિશેષ વ્યક્તિઓ તથા ૧૮ જૈન જાગૃતિ સેન્ટરનું સન્માન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના સૌજન્ય દાતા જેજેસી-નોર્થ ઈસ્ટ હતા.

આ કાર્યક્રમની બોલતી તસવીરો આ જ અંકમાં આપવામાં આવી છે અને તેના વિશેનો વિસ્તૃત અહેવાલ આવતા અંકમાં આપવામાં આવશે.

## આનંદ છલકે

સારાય દેશની ફાઈનાન્સિયલ પરિસ્થિતિનું જો મુંબઈ ખેવના રાખતું હોય તો ગમે તે રીતે આનંદ લૂંટવાનો મુંબઈગરાને હક છે અને તેથી જ જૈન જાગૃતિ સેન્ટરની કમિટી કોઈ પણ ભોગે અને રીતે તેના સભ્યો માટે ઉલ્લાસભર્યો આનંદ છલકાવી દે છે.



મેગા કાર્યક્રમ યોજવામાં માહેર જેજેસી-નોર્થ ઈસ્ટે ઘાટકોપરનાં અન્ય જેજેસી સેન્ટરના સહયોગમાં આનંદની હેલી વરસાવતા એક ઉત્સવ આનંદમેળાનું જાજરમાન આયોજન સતત બીજા વર્ષે પણ કર્યું. ગુજરાતથી આવેલા કલાકારોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી ગુજરાતની અસ્મિતાને ચાર ચાંદ લગાડી બધાને ભીંજવ્યા.

સ્વર્ણિમ ગુજરાત મહોત્સવ નિમિત્તે કરેલા આ આનંદમેળામાં મોજ-મસ્તી-ઉલ્લાસ-સ્નેહની સરવાણીઓ ફૂટી નીકળી. સભ્યોએ રેકર્ડ બ્રેક પ્રતિસાદ આપ્યો. ત્રણ કેટેગરી - ખાણીપીણી, રમતગમત તથા વેચાણના સ્ટૉલ માટે સભ્ય તરફથી ખૂબ જ માગણી નીકળી.

મેં જોયું કે વિશાળ ગ્રાઉન્ડમાં પ્રકાશની ઝાકઝમાળમાં સુઆયોજિત નગરની બજાર જેવું દૃષ્ય હતું. ગુજરાતીઓ હતા તેથી ખાણીપીણીના સ્ટૉલ વધુ હતા. બાળકો પણ મુલાકાતીઓ હતાં એટલે રમતગમતના સ્ટૉલ પર ગિરદી હતી. ખાણીપીણીના સ્ટૉલ મુખ્યત્વે મહિલા સંચાલિત હતા. આશ્ચર્યની વાત એ હતી કે સુખી ઘરની આધુનિક ગૃહિણીઓ તેમના ઓરતા પૂરા કરવા હોંશે હોંશે પોતે જ તૈયાર કરેલી Cook કરેલી Delicious ડીશ તૈયાર કરી કાઉન્ટર પરથી મુલાકાતીઓને Serve કરી કરન્સીનો વ્યવહાર કરતી હતી. એક સાસુ જેવા લાગતાં વડીલને મેં એવું બોલતાં ટાક્યાં કે દરરોજ રસોડામાં આવું કૌવત દેખાડે તો કેવી મજા આવે! ગમે તેમ પણ સર્વત્ર આનંદ આનંદ હતો. એવું લાગ્યું કે ૨૨૦ જેટલી આનંદની હાટડીઓમાં સુખનો વેપાર થયો, નવા જોમનો વકરો થયો, સ્નેહનું માર્કેટિંગ થયું અને એકતાનો, બંધુત્વનો મુનાફો થયો. ૧૨૦૦૦ જેટલા મુલાકાતીઓ ગુલતાન કરતા ઘેર ગયા.

*(આંખો દેખ્યો અહેવાલ : આર્મેશકુમાર જૈન)*

## અન્ય સમાચાર

### જે.જે.સી.-અંકલેશ્વર

આમ તો બે વર્ષ જ થયાં છે, પણ આ સેન્ટરના નામે ઘણાબધા ઉત્કૃષ્ટ, સેવાલક્ષી અને જેજેસીના નામને રોશન કરતા કાર્યક્રમો નોંધાયા છે. શનિવાર, તા. ૧૨-૨-૨૦૧૧ના રોજ ત્રીજા વર્ષમાં પ્રવેશ ટાણે પ્રજ્ઞાચક્ષુ કલાકારો દ્વારા સંયોજિત જગતભરમાં નામના પામેલ Blind Orchestra – 'નયનને બંધ રાખીને' શોનું આયોજન કર્યું. આ પ્રસંગે અંકલેશ્વરની સેવાભાવી પ્રતિભાઓનું બહુમાન કરવામાં આવ્યું. ઉપરાંત અંકલેશ્વરના ચારેય જૈન ફિરકાનાં ૫૭૩ કુટુંબોને આવરી લેતી અને ખૂબ જ જહેમતથી તૈયાર કરેલી પુસ્તિકા ''જૈન પરિવાર દર્શન''નું વિમોચન સેન્ટ્રલ બોર્ડથી પધારેલા સર્વશ્રી રમેશ મોરબિયા, દિનેશ શાહ, પ્રફુલ્લ શાહ તથા સેન્ટરના વડીલ શ્રી અનોખીલાલ ધોકાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

આ જ દિવસે જેજેસી-લે. વિં. અંકલેશ્વરનો પણ ચાર્ટર દિન આ જ કાર્યક્રમ અન્વયે કેક કાપીને ઊજવવામાં આવ્યો.

### જે.જે.સી.-અંજાર

મકરસંક્રાંતિના દિવસે ગુજરાતમાં જ્યારે આકાશ પતંગોથી છવાઈ જાય છે ત્યારે બિચારાં અબોલ પક્ષીઓની હાલત દયનીય થઈ જાય છે. આકાશમાં સ્વૈરવિહાર કરતા આ નિર્દોષ જીવો કાચ પાયેલા માંજાથી અજાણતા જ ઘાયલ થઈ પડી જાય છે. ઘણી વાર સમયસરની સારવાર ન મળે તો મૃત્યુ પામે છે. જૈનોનો આત્મા જરૂરથી કકળી ઊઠે જ. જેજેસી-અંજાર દ્વારા આ દિવસોમાં એક અનેરું સેવાકાર્ય કરવામાં આવ્યું જે નોંધનીય છે અને અનુકરણીય પણ છે. તેઓએ આવાં ઘાયલ પક્ષીઓ માટે Help Line તથા સારવાર કેન્દ્ર ચાલુ કર્યાં. અગાઉથી જ તેનો પ્રચાર Hoardings,

Banners, Pamphets, ન્યૂઝપેપર દ્વારા કરવામાં આવ્યો. જેજેસીના છ સભ્યોના મોબાઈલ નંબર તથા સારવાર કેન્દ્રનાં સરનામાં આપવામાં આવ્યાં. પરિણામે કબૂતર-પોપટ તથા વાછરડાને બચાવી લેવામાં આવેલ. જેજેસી-અંજારને સેન્ટ્રલ બોર્ડના ધન્યવાદ.

જેજેસી આવા કેટલાય પ્રયોગ કરે છે જેને અન્ય સમાજ પણ અનુસરે છે.

આ પહેલા રવિવાર, તા. ૨-૧-૨૦૧૧ના રોજ અંજાર નગરપાલિકામાં ચૂંટાઈ આવેલા જૈન સભ્યોનું બહુમાન કરવાનો કાર્યક્રમ જેજેસી-અંજારે કરેલ જેમાં પ્રમુખ શ્રીમતી કલ્પના શાહ તથા કૉન્સીલર-ભાજપના મહામંત્રી શ્રી ડેની શાહ (જેજેસીના ભૂતપૂર્વ પ્રમુખ) તથા શ્રી મહેશ દોશીનું સન્માન કરવામાં આવેલ.

સક્રિય રાજકારણમાં પ્રવેશી દેશસેવા-સમાજસેવા કરવા જૈન જાગૃતિ સેન્ટરે કરેલી હાકલને પ્રતિસાદ આપવા માટે ઉપરના ત્રણેય જૈનોને સેન્ટ્રલ બોર્ડના અભિવાદન.

## જે.જે.સી.-ચેન્નાઈ

સભ્યોના લાભાર્થે એક Spiritual કાર્યક્રમના આયોજનમાં દાદા ભગવાનના શિષ્ય પૂજ્ય દીપકભાઈ (આત્મજ્ઞાની) દ્વારા એક વિચાર-વિનિમયનો કાર્યક્રમ રાખવામાં આવ્યો જેમાં કેવળજ્ઞાન – આત્મા તથા બીજા આધ્યાત્મિક ધાર્મિક પ્રશ્નોના ઉત્તર સાદી ભાષામાં મળ્યા. આ કાર્યક્રમ માણી સભ્યો ધન્ય બની ગયા.

## જે.જે.સી.-ધોરાજી

ચાર્ટર દિન : ૧૦-૧૦-૧૦. ત્રણ મહિનાના ગાળામાં નિર્દોષ આનંદ પ્રસ્તુતકર્તા તથા જીવો અને જીવવા દોના સંદેશને સાર્થક કરતા અને સમાજને ધર્મ સાથે જોડતા કેટલાક કાર્યક્રમો કર્યા. પરિણામે ધોરાજીના લગભગ ઘણા બધા પરિવારો પ્રવાહમાં જોડાઈ ગયા! એથી આગળ વધીને આજુબાજુના પંથકનાં જેજેસી સેન્ટરની એકાત્મતા સાબિત કરતો એક મેગા કાર્યક્રમ 'પંચામૃત સંગમ અધિવેશન'નું ભવ્ય આયોજન કર્યું, જે અન્યવેચ ગાંધી વાડા, ધોરાજી ખાતે જેજેસી-ધોરાજી, ઉપલેટા, લે. વિં. રાજકોટ, જૂનાગઢ તથા ગોંડલના ૪૦૦ કરતાં વધુ ડેલિગેટ્સે પધારી જૈન જાગૃતિ સેન્ટરમાં બંધુત્વની જ્યોત વધુ પ્રજ્વલિત કરી.

સેન્ટ્રલ બોર્ડના વાઈસ ચૅરમૅન શ્રી પ્રફુલ્લ શાહના પ્રમુખપદમાં મળેલ આ અધિવેશનનું ઉદ્‌ઘાટન કરતાં પૂર્વ ચૅરમૅન શ્રી દિનેશ શાહે જણાવ્યું કે જેજેસીએ તેની એજ્યુકેશનની પ્રવૃત્તિનો વ્યાપ ઘણો જ વધારી દીધો છે.

ઐતિહાસિક સંભારણારૂપ બની ગયેલા આ મિલનોત્સવમાં મંચ પરથી સમાજઉત્થાન, સંગઠનાત્મક જૈન ધર્મના સિદ્ધાંતોની જાળવણી, જૈન બંધુત્વના ભાવનાત્મક વિચારોનો સામૂહિક સ્વીકાર વગેરે વિશે રચનાત્મક વિચારો પ્રગટ કર્યા.

સાથેસાથે મનોરંજક કાર્યક્રમમાં જૂનાં-નવાં હિન્દી ગીતોનો કાર્યક્રમ તથા સ્તવનો અને પેટરંજક ભોજનથી સૌ ડેલિગેટ્સ તૃપ્ત થયા.

શ્રી લલિત વોરા તથા તેમની ટીમને ઝળહળતી સિદ્ધિ માટે સેન્ટ્રલ બોર્ડ અભિનંદન પાઠવે છે.

## જે.જે.સી.-તારદેવ

તારદેવ સેન્ટર દ્વારા રવિવાર, તા. ૧૩-૦૨-૨૦૧૧ના રોજ એક મેગા મેડિકલ કૅમ્પનું આયોજન Concessional Rateમાં સભ્યોના લાભાર્થે કર્યું.

## જે.જે.સી.-રાજકોટ

સેન્ટરે હર્ષ, ઉલ્લાસ અને સ્ફુર્તિભરી દોડ ચાલુ કરી છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૦ના રોજ બધા જ સભ્યોને આવરી લઈ ડીજે પાર્ટી વીથ ડાન્સ ઍન્ડ ડીનરનું આયોજન કર્યું.

ગુરુવાર, તા. ૧૩-૧-૨૦૧૧ના રોજ એક ગેટ-ટુ-ગેધર પાર્ટીનું આયોજન ઓપન ઍર ધાબા હોટેલમાં કર્યું જેમાં સેન્ટરના બધા જ પરિવારોએ સહભોજન માણ્યું.

શુક્રવાર, તા. ૧૪-૧-૨૦૧૧ના રોજ મકરસંક્રાંતિના પવિત્ર દિવસે જંગલેશ્વર વિસ્તારનાં પછાત અને નિરાધાર બાળકોને શિંગ-તલ-દાળિયાની ચિક્કી તથા મમરાના લાડુનું વિતરણ કરવામાં આવ્યું. લગભગ ૨૫૦ બાળકોએ લાભ લીધો.

(શ્રી ભરતભાઈ, તમે મોકલાવેલા એક પણ ફોટા Printable નથી. Dark Black ફોટા છાપી શકાતા નથી. દરેક સેન્ટરના સેક્રેટરી/પ્રમુખ આ બાબત ધ્યાન રાખે.)

## જે.જે.સી.-લે. વિં. રાજકોટ

પાંચ વર્ષથી સંતોષકારક Performance આપતા આ સેન્ટરમાં ૧૬૦ સભ્યો છે. કાર્યરત કમિટી રેગ્યુલરલી કાર્યક્રમ યોજે છે. દિવાળીના દિવસે કમિટી મેમ્બર શ્રીમતી નિશાબહેન દોશીના આર્થિક સહયોગમાં ૨૫૦ ગ્રામના ૪૦૦ જેટલાં મીઠાઈના પૅકેટનું ફૂટપાથ પર વસતા લોકોમાં વિતરણ કર્યું. તે જ પ્રમાણે વાંકાનેરની વસ્તીમાં પણ વિતરણ કરી ઉમદા સામાજિક કાર્ય કરેલ.

ગેટ-ટુ-ગેધર ટાઈપની મિટિંગ પણ તા. ૨૨-૧૨-૨૦૧૦ના રોજ કરવામાં આવી.

## જે.જે.સી.-લે. વિં. જામનગર

છેલ્લા વર્ષમાં હરણફાળ ભરી, સારા કાર્યક્રમો આપી અનેરી ઊંચાઈ પ્રાપ્ત કરનાર આ સેન્ટરમાં હાલમાં ૨૦૦ સભ્યો છે. શ્રીમતી ચેતના મહેતાના પ્રમુખપદે કારોબારી કમિટી સુંદર કાર્ય કરી રહી છે. સેક્રેટરી શ્રીમતી સીમા શાહના રિપોર્ટ પ્રમાણે આ વર્ષની શરૂઆતમાં બુધવાર, તા. ૫-૧-૨૦૧૧ના રોજ સેન્ટરની બહેનોને આવરી લેતો કાર્યક્રમ શિયાળુપાક, સલાડ ડેકોરેશન, ભાતીગળ શાલ અને ડિઝાઈનર સ્વેટરની હરીફાઈ યોજેલ. ઉપપ્રમુખ શ્રીમતી પૂર્વીબહેન ઝવેરીએ 'ઓળખ તંબોલા'ની રમતનું આયોજન કરેલ તો સેક્રેટરી શ્રીમતી ઈલાબહેન પટેલે સરપ્રાઈઝ પ્રશ્નોત્તરી કરી બહેનોને આનંદમાં લાવી દીધાં. છેલ્લે વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યાં.

## જે.જે.સી.-માંડવી

સેન્ટરે છેલ્લા છ મહિનામાં અલગ તરી આવે તેવા Distictive કાર્યક્રમો કર્યા. ઑક્ટોબર ૨૦૧૦માં આ ભૂમિ પર ક્યારેય થયા ન હોય તેવા ૧૦ દિવસીય નવરાત્રી મહોત્સવનું આયોજન ભવ્ય રીતે કર્યું. ઝાકઝમાળ રોશની, મોટું ગ્રાઉન્ડ, દરરોજની ૩૦૦૦ની હાજરી, કચ્છનાં અન્ય જૈન જાગૃતિ સેન્ટરોની એક દિવસે હાજરી, હાઈફાઈ સાઉન્ડ સિસ્ટમથી આ પંથકમાં ધૂમ મચાવી દીધી. ત્યાર બાદ શરદપૂર્ણિમાની રાત્રે માંડવીના જાણીતા જગવિખ્યાત Ancient Beach પર ખાણીપીણીની પાર્ટીનું આયોજન કર્યું. ૩૧મી ડિસેમ્બરે Bye Bye 2010ના કાર્યક્રમમાં IPP જુગલ સંઘવીના ફાર્મ હાઉસ ખાતે સંગીતમય કાર્યક્રમ સાથે અલગઅલગ રમતો રમીને ઉલ્લાસપૂર્વક ઊજવ્યો.

ગુરુવાર, તા. ૨૫-૧૧-૨૦૧૦ સેન્ટરનો ચાર્ટર દીન હોઈ વિશિષ્ટ રીતે ઊજવ્યો. નજીક આવેલ જૈન આશ્રમમાં લગભગ ૨૦૦ જેટલા અટૂલા વૃદ્ધો-અશક્તો તથા માનસિક રીતે અસ્વસ્થ લોકોને સભ્યો રૂબરૂ જઈને સાંજે જમાડી આવી એક ઉત્કૃષ્ટ કાર્ય કર્યું.

શનિવાર, તા. ૫-૨-૨૦૧૧ના રોજ છોગારૂપ કાર્યક્રમમાં T.V.ના ખ્યાતનામ હાસ્ય કલાકારો સુનીલ પાલ, ખયાલી મારન તથા રસિક મારાજ (3 idiots)ના લાફ્ટર શોનું આયોજન કરવામાં આવ્યું.

## જે.જે.સી.-મુંબઈ

જેજેસી પરિવારનું તા. ૨૯-૯-૧૯૮૦ના દિવસે ચાર્ટર પામેલું છઠ્ઠું સેન્ટર એટલે કે જૈન જાગૃતિ સેન્ટર-મુંબઈએ તેની સ્થાપનાના ત્રીસમા વર્ષની ઉજવણી નિમિત્તે યોજેલા કાર્યક્રમોની શૃંખલાનો ત્રીજો મણકો એટલે કે સંગીતરત્ન શ્રી શાંતિલાલ શાહ રચિત સ્તવનની C.D.નું વિમોચન તથા લોકાર્પણનો પ્રસંગ ૧૨ ફેબ્રુઆરીએ અતિઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારી તેમ જ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના ચૅરમૅન શ્રી કિશોર શાહના વરદ હસ્તે, અન્ય પદાધિકારીઓની હાજરીમાં અને સંગીતભર્યા માહોલમાં વિમોચનની વિધિ અવિસ્મરણીયરૂપે પાર પડી હતી. સાથેસાથે કિરણભાઈ શાહનો સમાવેશ કરતી એક પુસ્તિકાનું પ્રકાશન અને વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર સંગીતનો કાર્યક્રમ તેમ જ C.D. તૈયાર કરવાનું સૌજન્ય શ્રી કિરણભાઈ શાહ પરિવાર તરફથી થયેલ.

હાજર રહેલા તમામ સભ્યમિત્ર અને મહેમાનોએ કાર્યક્રમને માણ્યો-વખાણ્યો અને અભિનંદનના શબ્દોથી વધાવ્યો હતો.

## જે.જે.સી.-હૈદ્રાબાદ

તા. ૧૩-૩-૨૦૧૧ ને રવિવારે સેન્ટર દ્વારા સેન્ટરના સભ્યો અને તેમના કુટુંબીઓના લાભાર્થે એક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું, જે અન્વયે કુલ આઠ પ્રકારના મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યા.

સાથે સાથે Blood Donation Driveમાં કુલ ૬૭ બૉટલ રક્ત એકઠું કરવામાં આવ્યું. આ પ્રસંગે સેન્ટરના કારોબારીના ઉત્સાહને પ્રોત્સાહન આપવા (Boost) ખાસ મુંબઈથી ગયેલા ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારીએ ૧૪૪મી વખત રક્તદાન કરી એક ઉત્તમ ઉદાહરણ સ્થાપિત કર્યું. રક્તદાનનો World Record-231. તેઓની સાથે શ્રી પ્રફુલ્લ શાહ તથા શ્રી પ્રફુલ્લ કામદારે પણ મુલાકાત લઈ શુભેચ્છા આપી.

# યુવા મેળો

## જે.જે.સી.-સૂર્યપૂર સુરત

સેન્ટર દ્વારા દ્વિતીય યુવામેળા ''સગપણ સેતુ - ૨૦૧૧''નું સફળ, સુંદર, ભવ્ય તથા પરિણામલક્ષી આયોજન રવિવાર, તા. ૧૩-૦૨-૨૦૧૧ના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારીના પ્રમુખપદે, જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટની પ્રેરણાથી તેમ જ સુરતના સર્વશ્રી રમેશ સંઘવી, પ્રવીણચંદ્ર અંબાણી, હસમુખ કોઠારી, જયંતીલાલ કોરડિયા તથા અશોક મહેતાના આર્થિક સૌજન્યથી સંપન્ન થયું. ઉદ્‌ઘાટન શ્રી ગિરીશ મેપાણીના શુભ હસ્તે થયું. જેજેસીના સર્વશ્રી દિનેશ શાહ, રમેશ મોરબિયા, પ્રફુલ્લ શાહ તથા પ્રફુલ્લ કામદારે આ પ્રસંગે ખાસ હાજરી આપી પ્રસંગને શોભાવ્યો.

આ મેળામાં ૪૦૦ જેટલાં યુવક-યુવતીઓએ ભાગ લીધો. તાજેતરમાં જ કલાનગરી વડોદરા ખાતે યુવામેળો યોજાઈ ગયેલ છતાં એક જ મહિનામાં આટલી મોટી સંખ્યામાં હાજરી એ હકીકત સાબિત કરે છે કે જેજેસી આયોજિત યુવામેળા યથાર્થ છે. સમાજને તેની તાતી જરૂર છે અને આપણે એક ઉત્કૃષ્ટ સામાજિક કાર્ય કરી સમાજ પ્રત્યે ઋણ અદા કરી રહ્યા છીએ.

## જેજેસી પરિવારનાં પુષ્પોની છાબડીમાં પુષ્પગુચ્છ નં. ૧૩૭ ગોઠવાઈ ગયું

તા. ૨૦-૨-૨૦૧૧ ને રવિવારના રોજ રોટરી ક્લબ, જૂનાગઢ રોડ ખાતે જૈન જાગૃતિ સેન્ટર-જેતપુરને વિધિસર ચાર્ટર એનાયત જેજેસી-સેન્ટ્રલ બોર્ડના ચૅરમૅન શ્રી જિતેન્દ્ર કોઠારીના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્‌ઘાટક તરીકે જેતપુરના શ્રી કિશોરભાઈ મહેતા હતા. આ પ્રસંગે અતિથિવિશેષરૂપે સેન્ટ્રલ બોર્ડના સર્વશ્રી રમેશ મોરબિયા, પ્રફુલ્લ શાહ, રાજેશ ગાંધી, દિલીપ પીપલિયા તથા જેજેસી-જેતપુરના સ્પોન્સરર જેજેસી-ધોરાજીના પ્રમુખ શ્રી લલિત વોરા ઉપસ્થિત રહ્યા. ચાર્ટર વાંચન શ્રી રાજેશ ગાંધીએ કર્યું. ચાર્ટર એનાયત શ્રી જિતેન્દ્ર કોઠારીએ કરેલ તેમ જ બધા કમિટી સભ્યોને સોગંદ લેવડાવી પીન પહેરાવવાનું બધા પદાધિકારીઓએ કરેલ. આ રીતે પદગ્રહણવિધિ સમાપન થઈ.



શૂરવીર ચાંપરાજવાળાએ ચોટીલાના પર્વતમાંથી વાયા વિંછિયા થઈને વહેતી ભાદર નદીના કાંઠે વસાવેલ જેતપુર ગામ તપસ્વીજી પરમ પૂજ્ય જયચંદ્રજી મ.સા. તથા પૂજ્ય માણેકચંદ્રજી મ.સા.ની તપોભૂમિ છે. તેમની સમાધિ અહીં તીર્થરૂપ છે. જેતપુરમાં ચારેય ફિરકાનાં મળી કુલ ૨૨૦ જૈન ઘર છે. ૧૫૦૦૦૦ની વસ્તી ધરાવતું જેતપુર તેના સાડી ઉદ્યોગ માટે ભારતભરમાં પ્રખ્યાત છે. જેતપુરની પ્રિન્ટ ઘણી જ મોહક ગણાતી, પણ કાળેક્રમે સાડીની વપરાશ ઓછી થતા હાલમાં એ ઉદ્યોગ આફ્રિકામાં વપરાતા KITANGA પર નિર્ભર છે.

એજ્યુકેશન ક્ષેત્રમાં MBA, MCA અને B.Ed.ની બે કૉલેજો છે. શહેર રાજકોટ-જૂનાગઢ રોડ પર રાજકોટથી ૭૦ કિ.મી. તથા જૂનાગઢથી ૩૫ કિ.મી. દૂર આવેલું છે. અહીં ભીડભંજન મહાદેવનું પ્રાચીન શિવમંદિર દર્શનલાયક છે.

Welcome – જેજેસી-જેતપુરનું જેજેસી પરિવાર સ્વાગત કરે છે.

## અભિનંદન



શ્રીમતી ડૉ. આરતી નલિન વોરા, જેઓ જૈન જાગૃતિ સેન્ટર-ગોલ્ડન ગારોડિયાનાં સભ્ય છે. તેમને મુંબઈ યુનિવર્સિટીએ જૈનોલૉજીમાં 'ચૈત્યવંદન' (જૈન ભક્તિકાવ્ય) વિષય પર મહાનિબંધ તૈયાર કરવા બદલ Ph.D.ની ઉપાધિ એનાયત કરેલ છે. M.A. in Jainology જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યૂટ-લાડનૂનમાંથી કર્યા બાદ સાહિત્ય વિદૂષી ડૉ. કલાબહેન શાહના માર્ગદર્શનમાં તેમણે ચૈત્યવંદનમાં Research કરી મહાનિબંધ તૈયાર કરેલ. જૈન જાગૃતિ સૈન્ટર પરિવાર આ બદલ ગૌરવ અનુભવે છે અને ડૉ. આરતીબહેન વોરાને અભિનંદન પાઠવે છે.

## રસથાળ

### મઠનાં થાપડા

**સામગ્રી :** ૫૦૦ ગ્રામ આખા મઠનો લોટ, ૫૦ ગ્રામ ઘઉંનો લોટ, ૭૦ ગ્રામ ગોળ, લાલ મરચું બે ટેબલસ્પૂન, મીઠું પ્રમાણસર, તલ અને અજમો જરૂર મુજબ, પા ટેબલસ્પૂન હિંગ, તેલ બે ટેબલસ્પૂન મોણ માટે તથા તળવા માટે.

**રીત :** મઠનો લોટ ચાળી લો. ૫૦ ગ્રામ ઘઉંના લોટમાં તેલનું મોણ નાખી તે લોટને મઠનાં લોટમાં ઉમેરી દો. અન્ય એક બાઉલમાં ગોળની અંદર અર્ધો કપ પાણી નાખી ગોળને ઓગાળી લો તેમાં લાલ મરચું, હિંગ, અજમો, તલ, મીઠું નાખી બારબર ભેળવી લો. આ મિશ્રણને લોટમાં નાખી તેનાથી લોટ બાંધો. જરૂર પડે તો બીજુ સાદુ પાણી લઈ કઠણ (પરોઠા જેવો) લોટ બાંધો. તેમાંથી લૂવા વાળી નાની પૂરી વણી ગરમ તેલમાં તળી લો. પૂરી ફુલવી જોઈએ.

# જય હો...
## (ગણતંત્ર દિનની ઉજવણી)

આપણા જેજેસીના મંચ પરથી ઘણી વાર કહેવાયું છે કે આપણે જૈનો ઉદાર ભાવનાથી ઘણીબધી સાર્વજનિક સંસ્થાઓ જેવી કે હૉસ્પિટલ, સ્કૂલ, કૉલેજ હૉસ્ટેલ, પાંજરાપોળ, ચબૂતરા માટે દાન આપીએ છીએ, ઉપાશ્રય દેરાસરમાં તો આપીયે જ છીએ, પણ તે તો આપણાં જ ધર્મસ્થાનકો છે, પણ સાર્વજનિક પ્રવૃત્તિઓનાં ફળ સમાજના દરેક વર્ગ માટે છે, પણ પછી તે સંસ્થામાં તેમના નામ સિવાય ત્યાંના મૅનેજમેન્ટમાં કોઈ જ Hold જૈન કુટુંબનો રહેતો નથી. તેનું કારણ જૈનોની મૅનેજમેન્ટ પ્રત્યે રહેલી ઘોર ઉદાસીનતા! આને હિસાબે આટલા માતબર દાનનો કોઈ જ લાભ સાધર્મિકોને મળતો નથી. જૈનોના ડોનેશનથી બનેલી સ્કૂલ-કૉલેજમાં જૈન વિદ્યાર્થીઓને કોઈ જ પ્રાયોરિટી મળતી નથી. સરવાળે હરીફાઈમાં સરકારના કાયદા પ્રમાણે Reservationવાળા વિદ્યાર્થીઓ ઓછા માર્ક્સ હોવા છતાં Admission સહેલાઈથી મેળવી લે છે અને જૈન વિદ્યાર્થીઓને આગળ ભણવા માટે Remote વિસ્તારમાં વ્યક્તિગત ડોનેશન આપીને જવું પડે છે. આ એક સાંપ્રત કરુણતા છે. ડોનેશન આપતી વખતે જ આપણે શરત મૂકવી જોઈએ જેનો લાભ આગળ જતા જૈન કુટુંબોને મળે, નહીંતર ધીમે ધીમે આપણે જૈનો ઘસાઈ જઈશું. આ બધામાં કેટલાક અપવાદો છે. કલ્યાણમાં આવેલી એક બહુ જ મોટી અને જાણીતી સ્કૂલ 'શ્રીમતી કાન્તાબહેન ચંદુલાલ ગાંધી' સ્કૂલ C.M. તરીકે સમાજમાં સુવિખ્યાત C. M. Gandhiની દીર્ઘદષ્ટિથી આજે એ ફેમિલીના ટ્રસ્ટ હસ્તક છે, જ્યાં ૩૨૦૦ જેટલાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ ભણે છે. કલ્યાણ, C. M. Gandhiની કર્મભૂમિ હોઈ



તેમણે ૨૦ વર્ષો પૂર્વે આ સ્કૂલની સ્થાપના કરેલ. વિકાસ પામી આ સ્કૂલ આજે કલ્યાણમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. જેજેસી-સેન્ટ્રલ બોર્ડના શ્રી રાજેશ ગાંધી તથા તેમના ભાઈ નરેશભાઈ ગાંધી આ સ્કૂલના મૅનેજમેન્ટમાં આધિપત્ય ધરાવે છે. અનેકવિધ પ્રવૃત્તિ કરી આ સ્કૂલ આખા પંથકમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

શ્રી રાજેશભાઈ તથા નરેશભાઈ ગાંધીના આમંત્રણથી તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૧ના રોજ જેજેસી-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટના પદાધિકારીઓ ધ્વજવંદન માટે સ્કૂલની વિઝિટ પર ગયેલા. ત્યારે ત્યાંની વ્યવસ્થા અને વહીવટ જોઈને પ્રભાવિત થઈ ગયા. આધુનિક સગવડતાવાળા ક્લાસરૂમ્સ, લેટેસ્ટ ટેકનૉલૉજીથી સમૃદ્ધ લૅબોરેટરીઝ, કૉન્ફરન્સ રૂમ, વિશાળ મેદાન, રમતગમતનાં આધુનિક ઉપકરણો, કોચિંગની સાયન્ટિફિક પદ્ધતિ, પોલીસ બેન્ડના લયમાં વિદ્યાર્થીઓની પરેડ અને સલામી, વિદ્યાર્થીઓ દ્વારા દેશદાઝ પ્રદર્શિત કરતાં નૃત્ય, અંગકસરત (Gymnestic)ના ખેલ અને આ સર્વેમાં Hard Discipline અને Timing જોઈને-અનુભવીને સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓએ ગાંધી કુટુંબના સભ્યોનું અભિવાદન કરી ખૂબ જ અભિનંદન આપ્યા. કહેવાની જરૂર ખરી કે ધ્વજવંદન આપણા ચૅરમૅન શ્રી જિતુભાઈ કોઠારીએ કરાવ્યું અને શ્રી કિશોર શાહે તેને અનુમોદ્યું! અલબત્ત, ગાંધી કુટુંબની મહેમાનગતીની તો શું વાત કરવી?

શ્રી જિતુભાઈ કોઠારી તેમના વક્તત્વમાં જણાવે છે કે જેજેસીએ કૉલેજ કે સ્કૂલ ઊભી કરી Unlimited Liability ઊભી કરવા કરતાં આવાં સમર્થ કુટુંબોને સ્કૂલો-કૉલેજો બનાવવા Inspiration આપવાની જરૂર છે.

આ સાથે incidently એક નોંધ લેવી જ જોઈએ કે ચેમ્બુરમાં આવેલી સુવિખ્યાત 'શાહ એન્કર કૉલેજ'નું મૅનેજમેન્ટ ડોનર ટ્રસ્ટીઓ, ખાસ તો આપણા ડેવલપમેન્ટ સેક્રેટરી શ્રી જયંતીભાઈ છાડવાના પિતાશ્રી પૂ. કેશવજીભાઈ છાડવા હસ્તક જ છે અને તેઓ કચ્છી વિદ્યાર્થીઓ ઉપરાંત જૈન વિદ્યાર્થીઓ માટે Special Reservation લઈ આવી Communityની સેવા કરી રહ્યા છે. આ પણ જૈનો માટે ખૂબ જ ગૌરવપ્રદ ગાથા છે.

હજી One More! ડૉંબિવલી વેસ્ટમાં આવેલી ડૉંબિવલીની અતિઆધુનિક અને લોકપ્રિય સ્કૂલ ચંચળબહેન મણિલાલ શાહ સ્કૂલ જ્યાં ૧૫૦૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે, ઉપરાંત તેની સાથે સંલગ્ન B.Ed.ની કૉલેજનુ સંચાલન સંપૂર્ણપણે આપણા જ જૈન કુટુંબ શ્રી ગિરીશ મણિલાલ શાહના હસ્તક છે. ત્યાં પણ જૈન વિદ્યાર્થીઓને Priority આપવામાં આવે છે, ઉપરાંત મદદ પણ કરાય છે. આ બધાં કુટુંબો જૈન જાગૃતિ સેન્ટરના સભ્યો જ છે અને તે રીતે જેજેસી ગૌરવ અનુભવે છે.

# આંતરરાષ્ટ્રીય મહિલા દિને સ્ત્રીસંવેદના

એક મહિલા કાર્યકરના શબ્દો મુજબ 'જો સ્ત્રીઓ સંગઠિત થઈ ખભેખભા મિલાવી કામ કરે તો એક જબરજસ્ત શક્તિનો સ્ત્રોત ઊભો થઈ શકે તેમ છે.' આપણી સંસ્કૃતિનાં બે મહાકાવ્યો રામાયણમાં સીતાને જ્યારે સ્ત્રીજાતનું અપમાન લાગ્યું ત્યારે આપબળે ધરતીમાતાને પ્રાર્થી તે ધરતીમાં સમાઈ ગયાં.

મહાભારતની દ્રૌપદીએ ભરસમાજ અને વડીલોની વચ્ચે શ્રીકૃષ્ણને પોકાર કરી પ્રાર્થના કરી અને પોતાની લાજ બચાવી. આ મંત્રયુગની મહિલાઓએ પુરુષસમાજ વચ્ચે પડકાર ફેંક્યો હતો. પુરાણોમાં મંડનમિશ્ર અને શંકરાચાર્યના જ્ઞાનવિવાદ વખતે મંડનમિશ્રનાં વિદુષી પત્નીને ન્યાય તોળવાનું સોંપાયું હતું. આ બધાં દૃષ્ટાંતો પરથી સ્ત્રીશક્તિનો મહિમા જાણવા મળે છે.

૧૯૪૭માં 'હિંદ છોડો' ચળવળમાં ગાંધીજી પ્રેરિત બહેનોએ ભાગ લીધો હતો. આજ સુધી વૈશ્વિક ફલક પર નારીમુક્તિની અનેક ચળવળો થઈ છે. નારીએ પોતાની જાતને સામાજિક બંધનોથી મુક્ત કરવા ભારે પ્રયત્નો કર્યા હતા. નારીકલ્યાણ માટેની અનેક સંસ્થાઓનો ઉદ્ભવ થયો હતો. કન્યાશાળા અને કન્યાકૉલેજોએ સ્ત્રીકેળવણીની દિશામાં ક્રાંતિ સર્જી સામાજિક કુરૂઢિઓનો જોરશોરથી ઈનકાર કરી નારીને ચાર દીવાલમાંથી બહાર કાઢવાની કોશિશ કરી હતી.

આપણા દેશનાં પ્રથમ મહિલા વડા પ્રધાન બનવાનું માન ઈન્દિરા ગાંધીને, ઈંગ્લૅન્ડમાં માર્ગારેટ થેચરને, શ્રીલંકાનાં શિરીમાવોને ફાળે જાય છે. વિશ્વમાં ભારતીય નારીની છબિને ઇંદિરાજીએ ઉજ્જવળ બનાવી. રમતગમતમાં પીટી ઉષાએ, પોલીસમાં કિરણ બેદીએ તથા સાહિત્યમાં મહાશ્વેતા દેવીએ આપણા સમાજમાં નારી તરીકે મુઠ્ઠીઊંચેરું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

આજની તારીખમાં પણ રાજકારણમાં જયવંતીબહેન મહેતાએ, ફિલ્મ કે સાંસ્કૃતિક ક્ષેત્રે આશા પારેખે, કાનૂની સેવા માટે સુજાતા મનોહરે તથા દીના મહેતાએ આર્થિક ક્ષેત્રે.

આ પુરુષપ્રધાન વૈશ્વિક સમાજમાં અનેક સ્ત્રીઓએ પ્રસિદ્ધિ મેળવી છે. ક્યારેક વ્યાવસાયિક ક્ષેત્રે, ફિલ્મ ક્ષેત્ર કે મૉડેલિંગ જેવા જાહેરાતના ક્ષેત્રે સ્ત્રીઓના જાતીય શોષણના પ્રશ્નો ઊભા થાય છે ત્યારે સ્ત્રીઓ જાણે દિશા ભૂલી ગઈ હોય એવું લાગ્યા કરે છે. સ્ત્રીઓની આવી પરિસ્થિતિ શું આપણને સ્વીકાર્ય છે ? તે બાબત–

– સ્ત્રીએ પોતાની વિચારસરણી કે માન્યતા બદલવાની જરૂર છે. સ્ત્રી પોતાને પુરુષ કરતાં નીચી કક્ષાની ન સમજે. સ્ત્રી પોતાને પુરુષ કરતાં નચી કક્ષાની ન સમજે. સ્ત્રીને પોતાના સ્વતંત્ર અસ્તિત્વ વિશે ખયાલ હોવો જરૂરી છે. સ્ત્રીને પોતાના હક્કો વિશે કે પોતાની આંતરિક શક્તિ વેશ સભાનતા હોવી જરૂરી છે. સ્ત્રીઓને તેમના પગારધોરણ માટે સ્ત્રી-પુરુષના સમાન ધોરણ હોવાના ખયાલો હોવા જરૂરી છે તથા વારસામાં પણ સ્ત્રી-પુરુષને સમાન હક્ક મળવાની વિચારસરણી હોવી જરૂરી છે. સ્ત્રીને દમન અને ત્રાસવિષયક કાયદાની જાણકારી હોવી જરૂરી છે.

આપણા પુરુષપ્રધાન દેશમાં સ્ત્રી સૌથી વધુ દમન અને શોષણનો ભોગ બની રહી છે તેમ જ પશ્ચિમના દેશોમાં પણ કેટલેક અંશે સ્ત્રીઓ શોષણનો ભોગ બની રહી હતી. આ પરિસ્થિતિના નિવારણ અર્થે નારી સંગઠનો ઊભાં થયાં અને વુમન્સ લિબરેશન મુવમેન્ટ જેવી સંસ્થા સક્રિય બની. ભારતમાં એસએનડીટી યુનિવર્સિટીના રિસર્ચ સેન્ટર ઓન વિમેન્સનાં નારી અભ્યાસ કેન્દ્રનાં પ્રથમ મહિલા ડૉ. નીરા દેસાઈ સૌપ્રથમ નિર્દેશક હતાં. આમ, જુદા જુદા દેશોમાં કૉન્ફરન્સો ભરી જનમત જગાડવાનો તથા નારીને મુઠ્ઠીઊંચેરું સ્થાન આપવાના પ્રયત્નો ચાલુ રહ્યા.

વર્ષો પહેલાં બીજિંગમાં ભરાયેલી કૉન્ફરન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઊજવવાનો પ્રસ્તાવ પાસ થયો, ત્યાર પછી યુનોએ આઠમી માર્ચે ઈન્ટરનેશનલ વીમેન્સ ડે ઊજવવાની શરૂઆત કરી. હવે સ્ત્રીઓએ વિવિધ ક્ષેત્રે હરણફાળ ભરી છે.

બેંગલોરમાં વર્ષો પહેલાં મહિલા 'સંમથી' સંસ્થાએ ચિલ્ડ્રન પાર્કની જમીન પર વિધાનસભ્યોના આવાસો બાંધવાની તથા નદીના પ્રવાહને અટકાવી સંપાદિત જગ્યામાં રેસિડન્સી વિલા બાંધવાની સરકારી યોજનાને પર્યાવરણવિરોધી જાહેર કરી હજારો મહિલાઓએ વિરોધ કરી યોજનાને ફગાવી દઈ એક પ્રશંસનીય કાર્ય કરી બતાવ્યું. આજે નારીવાદી અભિગમ સાહિત્ય, કલા અને સમાજને પ્રભાવિત કરી રહ્યો છે. આપણે નારીસ્વાતંત્ર્યની વાતો સહજ રીતે કરીએ છીએ. લોકસભામાં સ્ત્રીઓ માટે અનામત બેઠકો રાખી છે. આમાં સુશીલ અને સામર્થ્યવાન સ્ત્રીઓની નિયુક્તિ કરી સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવી જરૂરી છે. દર વર્ષે આઠમી માર્ચના દિને સ્ત્રીઓનાં કલ્યાણ માટે તેમના પ્રશ્નોનાં નિરાકારણ માટે કે તેમને અપાયેલા અધિકારો વિશેની ચર્ચા થતી રહે છે. દુનિયાના લોકોનું ધ્યાન આ દિવસે સ્ત્રીવિષયક ચર્ચા-વિચારણા માટે કેન્દ્રિત હોય છે. નારીસ્વાતંત્ર્યને વિચાર તંદુરસ્ત અને સર્વવ્યાપી બનાવવા માટે નારીએ પોતે જ રચનાત્મક ભૂમિકા ભજવવાની રહેશે.

સુપ્રસિદ્ધ ચિંતક લૉવેલ સ્ત્રીને એટલા માટે પૂજનીય માને છે કે... મનુષ્યત્વ સ્ત્રીઓને જ આભારી છે. જે કર ઝુલાવે પારણું તે જગત પર શાસન કરે.

■ *મનોરમા ઠાર (સાભાર)*

# S.S.C./H.S.C.માં ૯૦% કે તેથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીઓને B.M.C. દ્વારા રૂા. ૧૦,૦૦૦/-નું ઈનામ

બૃહદ મુંબઈ મહાનગરપાલિકાના પરિપત્ર નં. કવસ/૨૦૦૮/વ્યય/તા. ૨૨-૩-૨૦૧૦ મુજબ મુંબઈ શહેર કે મુંબઈ શહેરના પરા વિસ્તારમાં રહેતા નાગરિકો જે B.M.C.ની કોઈ પણ વૉર્ડ ઑફિસમાં સીધી કે આડકતરી રીતે માલમત્તાકર (Property Tax) ભરતા હોય તેમનાં પુત્ર/પુત્રી જેમણે માર્ચ - ૨૦૦૮ કે ૨૦૦૯ કે ૨૦૧૦માં કોઈ પણ બોર્ડ મારફત ધોરણ ૧૦ (Maharashtra S.S.C. Board, CB.S.E., I.C.S.E., & I.B.) કે ધોરણ ૧૨ (H.S.C.)ની પરીક્ષામાં ૯૦% કે તેથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયાં હોય તેઓને રૂા. ૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર પૂરા)નું ઈનામ આપવાનું જાહેર કરેલ છે. તે માટે B.M.C.એ નીચે મુજબ કાર્યપદ્ધતિ નક્કી કરેલ છે.

૧) જેજેસીની વેબસાઈટ પર ઉપલબ્ધ અરજીના નમૂના મુજબ અંગ્રેજી ભાષામાં અરજી કરી તે B.M.C.ની સંબંધિત વૉર્ડ ઑફિસમાં જમા કરાવવી અને તેની acknoledgement કૉપી પોતાની પાસે સાચવી રાખવી.

૨) કરદાતા બૃહદ મુંબઈ ક્ષેત્રમાં સમાવેશ પામતી માલમતાનો માલિક કે સ્થાનિક રહેવાસી કે વપરાશકાર કે અનુમતી/પરવાનાધારક હોવા બાબતનો ખાતરી આપતો અહેવાલ (Property Taxની રસીદ) અરજી સાથે જોડવો.

૩) કરદાતાના મુંબઈ ક્ષેત્રના રૅશનિંગ વિભાગમાંથી આપવામાં આવેલ રૅશનિંગ કાર્ડમાં કરદાતાના વિદ્યાર્થીનું નામ ધરાવતી કૉપી અથવા ચૂંટણી ઓળખપત્ર અથવા પાસપોર્ટ અથવા અન્ય સરકારમાન્ય ઓળખપત્ર અરજી સાથે જોડવા. આ સર્વે દસ્તાવેજો પરીક્ષામાં ઉત્તીર્ણ થયા અગાઉની તારીખના હોવા જરૂરી છે.

૪) વિદ્યાર્થીની માર્કશીટની સર્ટિફાઈડ કૉપી અરજી સાથે જોડવી આવશ્યક છે.

૫) કરદાતા જો ગૃહનિર્માણ સંસ્થા (Co.Operative Housing Society)ના સભાસદ હોય તો સોસાયટી પાસેથી સભાસદત્વ બાબતનું પ્રમાણપત્ર અથવા શેર સર્ટિફિકિટની કૉપી રજૂ કરવી આવશ્યક છે.

૬) કરદાતા જો ગૃહનિર્માણ સંસ્થા (B.M.C.)ના સભાસદ હોય તો સોસાયટી દ્વારા સભાસદનો માલમતા કર (Co.Operative Housing Society)ના સભાસદ હોય તો સોસાયટી દ્વારા સભાસદનો માલમતા કર, (Property Tax) મહાપાલિકામાં જમા કરવામાં આવેલ તેની રસીદ અરજી સાથે જોડવી જરૂરી છે. અન્યથા સદર કરદાતા આ યોજનાનો લાભ લઈ શકશે નહીં.

૭) ઈનામ મેળવવાને પાત્ર માલમતા કરદાતાએ અનુક્રમે તા. ૩૧-૩-૨૦૦૮, ૩૧-૩-૨૦૦૯ અને ૩૧-૩-૨૦૧૦ સુધીની સંપૂર્ણ ચૂકવવાપાત્ર રકમ (Property Tax) પ્રમાણિત કરેલી રસીદ જોડવી જરૂરી છે.

૮) સદર યોજના સને ૨૦૦૮-'૦૯થી આગળ બે વર્ષ માટે ચાલુ રાખવામાં આવનાર છે. આ યોજનાનો લાભ માર્ચ-૨૦૦૮, માર્ચ-૨૦૦૯ તેમ જ માર્ચ, ૨૦૧૦માં ધોરણ : ૧૦ કે ૧૨ની પરીક્ષામાં ૯૦% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયા હોય તેવા વિદ્યાર્થીઓના માલમતા કર (Property Tax) ભરનાર વાલીઓને જ મળનાર છે.

૯) આ ઈનામની રકમ મુંબઈમાં જ આપવાની હોવાથી તે બૅંકમાં E.C.S. દ્વારા કરવામાં આવશે. તે અનુસાર જે વિદ્યાર્થીઓના વાલીના નામે બૅંકમાં ઈનામની રકમ મોકલવાની હોય તે બૅંકનું નામ, બ્રાન્ચ, ખાતાનો પ્રકાર (સેવિંગ કે કરંટ), એકાઉન્ટ નંબર વગેરે વિગતો સંબંધિત વૉર્ડ ઑફિસમાં ઉપલબ્ધ એવા E.C.S. ફૉર્મમાં જરૂરી વિગતો ભરી, તે ફૉર્મ પર બૅંક અધિકારીના સહી-સિક્કા લઈ, સાથે એક કૅન્સલ કરેલો ચેક જોડી, અરજી સાથે બીડાણ કરવાનું રહેશે.

૧૦) અરજી કે તેની સાથેના દસ્તાવેજોમાં કોઈ ત્રુટી જણાશે તો તે બાબત અરજીકર્તાને લેખિત જણાવવામાં આવશે.

૧૧) માર્ચ - ૨૦૦૮થી ૨૦૧૦ સુધીમાં જો કોઈ એક જ વિદ્યાર્થીએ ધોરણ ૧૦ તેમ જ ધોરણ ૧૨ એમ બન્ને પરીક્ષાઓમાં ૯૦% કે તેથી વધુ ગુણાંકો મેળવ્યા હોય તો તેવા વિદ્યાર્થીઓ બે જુદી-જુદી અરજીઓ કરી કુલ રૂા. ૨૦,૦૦૦/- ના ઈનામના હક્કદાર થઈ શકશે.

૧૨) અંગ્રેજી ભાષામાં અરજી કરવાના નમૂનાનું ફૉર્મ જેજેસીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે જે અનુસાર વિદ્યાર્થી ભાઈ - બહેનો તથા તેમના વાલીઓએ વહેલી તકે સંબંધિત વૉર્ડ ઑફિસમાં કરનિર્ધારણ વિભાગ (Property Tax Department)માં સંપૂર્ણ બીડાણ સાથે વહેલી તકે અરજી કરવા અનુરોધ છે.

# અંદાજપત્ર-૨૦૧૧

નાણાપ્રધાન શ્રી પ્રણવ મુખરજીએ તા. ૨૮-૨-૨૦૧૧ના 'અંદાજપત્ર-૨૦૧૧' રજૂ કર્યું. તે દ્વારા વિવિધ વર્ગને સંતોષ આપવા અમુક અંશે પ્રયત્ન કર્યો છે. આવતા વર્ષથી અમલમાં આવનાર ડાયરેક્ટ ટૅક્સ કોડ (DTC) અને તેમાં થનાર મુખ્ય ફેરફારો ધ્યાનમાં રાખી આ વર્ષે ખાસ ફેરફારો આવ્યા નથી. DTCનો અમલ હવે એક વર્ષ મોડો એટલે કે તા. ૧-૪-૨૦૧૨થી થશે તેમ જાહેરાત કરી છે. આ બજેટની વ્યક્તિગત રીતે અસર થતા મુદ્દાઓ અંગે ટૂંકમાં રજૂઆત :

